# લોકશાહીનો સૌથી કાળો દિવસ



## તેલંગાણા મડાગાંઠ : લોકસભામાં મારામારી, મરચાના સ્પ્રેનો મારો




નવી દિલ્હી,તા.૧૩

તેલંગાણા બિલને લઈને આજે લોકસભામાં શરમજનક દશ્યો સર્જાયા હતા. લોકસભામાં ખુલ્લા હાથે મારામારી થઈ હતી. મરચાની ભૂકીનો મારો ચલાવાયો હતો સાથે સાથે ચાકુ પણ દર્શાવવામાં આવ્યા હતા. મિર્ચીના સ્પ્રેથી કેટલાક સાંસદોને માઠી અસર થઈ હતી અને તેમને હોસ્પિટલમાં પણ ખસેડવામાં આવ્યા હતા. લોકસભામાં ભારે ધાંધલ ધમાલનો દોર યથાવતરીતે જારી રહ્યો હતો. સાંસદો વચ્ચે મારમારીના દશ્યો સર્જાયા હતા. ત્યારબાદ આંધ્રપ્રદેશના ૧૭ સાંસદોને લોકસભા અધ્યક્ષ મીરાકુમારે નિયમ ૩૭૪ હેઠળ સસ્પેન્ડ કરી દીધા હતા. કેન્દ્રિય ગૃહમંત્રી સુશીલકુમાર શિંદે બપોરમાં તેલંગાણા બિલ રજુ કરવા માટે ઉભા થતાની સાથે જ નાટકીય ઘટનાક્રમો શરૂ થઈ ગયા હતા. વિજયવાડામાંથી સાંસદ લગદાપતિ રાજગોપાલે સાથી સાંસદોની તરફ મરચાનો સ્પ્રે ઉડાવ્યો હતો જેથી સાંસદોની હાલત બગડી હતી અને તેમને બહાર લઈ જવામાં આવ્યા હતા. તબીબોને પણ બોલાવવામાં આવ્યા હતા. તેલગુદેશમ પાર્ટીના સાંસદ વેણુગોપાલે અધ્યક્ષના માઈકને તોડી દઈને હોબાળો મચાવ્યો હતો. રાજગોપાલે સિમાન્ધ્રના એ છ સાંસદોમાં સામેલ છે જેમને મંગળવારના દિવસે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. સસ્પેન્ડ કરવામાં આવેલા સાંસદોનો હેતુ તેલંગાણા બિલને સંસદમાં રોકવાનો હતો. સંસદમાં આજે શરમજનક દશ્યો સર્જાયા હતા. સંસદીય ઈતિહાસના કાળા દિવસ તરીકે પણ આને ગણવામાં આવશે. તેલંગાણા વિરોધના પરિણામ સ્વરૂપે કોંગ્રસમાંથી હકાલપટ્ટી કરવામાં આવેલા સાંસદ રાજ ગોપાલે હોબાળો મચાવ્યો હતો. લોક તંત્ર માટે આજે કાળો દિવસ રહ્યો હતો. ટીડીપીના સાંસદ વેણુગોપાલ પર એક સાંસદે ચાકુ કાઢવાનો આક્ષેપ મુક્યો છે. તેલંગાણા બિલના વિરોધના નામે ભારે ધાંધલ ધમાલ જારી રહી હતી. સાંસદોએ બિલની નકલ ફાડી નાંખી હતી. લોકસભાની અનેક ખુરશીઓ તોડી નાંખવામાં આવી હતી. કાચ પણ તોડી નાંખવામાં આવ્યા હતા. તમામ પક્ષોના નેતાઓ એક સૂરમાં આજે ઘટનાર ઘટનાનો વિરોધ કરી રહ્યા હતા. અભૂતપૂર્વ અફડાતફડી અને ધાંધલ ધમાલ વચ્ચે લોકસભામાં વિવાદાસ્પદ આંધ્રપ્રદેશ પુનરરચના બિલ ૨૦૧૪ રજુ કરવામાં આવ્યુ હતુ. તેલંગાણા બિલ ક્યારે રજુ કરી દેવામાં આવ્યુ તેની લોકોને જાણ પણ થઈ ન હતી. મોડેથી કાયદાપ્રધાન કપિલ સિબ્બલ અને સંસદીય બાબતોના પ્રધાન કમલનાથે કહ્યુ હતુકે આ બિલ રજુ કરી દેવામાં આવ્યુ છે. બિલનો વિરોધ કરી રહેલા સાંસદો વચ્ચે મારામારીના દશ્યો પણ સર્જાયા હતા. સંસદીય બાબતોના પ્રધાન કમલનાથે કહ્યુ હતુકે સંસદીય લોકશાહી પર આ એક કાળા કલંક સમાન છે. આવા કૃત્ય કરનાર સામે પગલા લેવાની પણ તેમણે માંગ કરી હતી. સંસદીય ઈમારતની બહાર તેલંગાણા રાજ્યના સમર્થકો અને પોલીસ વચ્ચે પણ અથડામણ થઈ હતી.

### એક સાંસદ પર ચાકૂ દર્શાવવાનો પણ આક્ષેપ

### સંસદીય ઈતિહાસના કાળા દિવસનો ઘટનાક્રમ........

- લોકસભામાં તેલંગાણા બિલને લઈને અભૂતપૂર્વ ધાંધલ ધમાલ થઈ
- છુટ્ટા હાથે મારામારી - પેપર સ્પ્રે, મરચાના પાવડનો મારો, માઈક તોડવાના બનાવો
- ભારે અંધાધૂંધી અને મારામારી વચ્ચે ચાર સાંસદોને હોસ્પિટલ ખસેડાયા
- કોંગ્રેસના સાંસદ રાજાગોપાલ દ્વારા સ્પ્રેના મારાથી અનેક સાંસદનોને માઠી અસર થઈ
- તેલુગુદેશમ પાર્ટીના સાંસદ નારાયણરાવ ધાંધલ ધમાલ વચ્ચે લોકસભામાં પડી ગયા
- ધાંધલ ધમાલ વચ્ચે ક્યારે બિલ રજુ થઈ ગયુ તેની ખબર પણ ન પડી
- કાયદાપ્રધાન કપિલ સિબ્બલ અને સંસદીય બાબતોના પ્રધાન કમલનાથે બિલ રજુ કરાયા હોવાની મોડેથી વાત કરી
- અધ્યક્ષ મીરાકુમાર સાંસદોના વર્તનથી ખૂબ લાલઘૂમ દેખાયા
- તેલંગાણા વિરોધ વચ્ચે કોંગ્રેસમાંથી હકાલપટ્ટી કરાયેલા સાંસદ રાજગોપાલે બિલ રજુ થતાની સાથે જ નજીક ઉભેલા સાંસદો પર કાળા મર્ચાના સ્પ્રેનો મારો ફેલાવ્યો
- એલ રાજગોપાલ વિજયવાડામાંથી સાંસદ છે
- સંસદીય બાબતોન પ્રધાન કમલનાથે ઘટનાને લોકશાહી માટે કાળો દિવસ ગણાવ્યો
- ટીડીપીના સાંસદે વેણુગોપાલ રેડ્ડી પર એક સાંસદને ચાકૂ દર્શાવવાનો આક્ષેપ મુકાયો
- લોકસભા અને રાજ્યસભાની કામગીરી મોકુફ કરી દેવાઈ
- સાંસદોએ બિલની નકલો ફાડી નાંખી
- અધ્યક્ષના માઈકને તોડી નાંખવાના પ્રયાસ કરાયા
- કેટલાક સાંસદોએ ખુરશીઓ અને કાચ તોડી નાંખ્યા
- તમામ પક્ષોન નેતા એક સૂરમાં વિરોધ કરતા નજરે પડ્યા
- સંસદની કામગીરી વારંવાર ખોરવાઈ ગઈ

## ચૂંટણી ખર્ચ મર્યાદા વધારી અંતે ૪૦ લાખ કરી દેવાઈ

કોલકાતા,તા.૧૩

આગામી લોકસભાની ચૂંટણી લડતા ઉમેદવારો હવે ૪૦ લાખ રૂપિયાનો ખર્ચ કરી શકશે. છેલ્લી ચૂંટણી ખર્ચ મર્યાદાની સરખામણીમાં આમાં વધારો કરવામાં આવ્યો છે. ચૂંટણી ખર્ચ મર્યાદાને વધારવાની માંગણી લાંબા સમયથી કરવામાં આવી રહી હતી. લોકસભાની ચૂંટણી માટે ચૂંટણી ખર્ચ મર્યાદા હવે ૪૦ લાખ રૂપિયા કરી દેવામાં આવી છે. ૧૫ લાખનો આમાં વધારો કરવામાં આવ્યો છે. પશ્ચિમ બંગાળના સંયુક્ત મુખ્ય ચૂંટણી અધિકારી સાઈબલ બર્મને માહિતી આપતા કહ્યુ છે કે આ વધારો છેલ્લે ૨૦૧૧માં કરવામાં આવ્યો હતો. ત્યારબાદથી લોકસભા પેટા ચૂંટણી માટે પણ અમલી છે. પરંતુ પ્રથમ વખત આ વર્ષે સામાન્ય ચૂંટણીમાં ખર્ચ મર્યાદા વધી ગઈ છે. તેમણે ઉમેર્યુ



હતુ કે લોકસભાની બેઠક માટે ચૂંટણી લડતા ઉમેરવાદનો ૨૦૦૯માં ચૂંટણી પ્રચારના હેતુ માટે મહત્તમ ૨૫ લાખ રૂપિયા ખર્ચ કરવાની મંજુરી અપાઈ હતી. હવે આમાં ૧૫ લાખ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે જેથી ચૂંટણી ખર્ચ મર્યાદા ૪૦ લાખ થઈ છે જો કે જુદા જુદા રાજકીય પક્ષો હજુ પણ ખર્ચની મર્યાદાને લઈને નાખુશ દેખાઈ રહ્યા છે. આ રાષ્ટ્રીય પક્ષોની એવી માંગ છે કે આગામી લોકસભાની ચૂંટણી માટે ચૂંટણી ખર્ચની મર્યાદમાં હજુ પણ વધારો કરવામાં આવે તે જરૂરી છે. જાન્યુઆરીના છેલ્લા સપ્તાહમાં દિલ્હીમાં ચૂંટણી પંચ સાથે રાજકીય પક્ષોની બેઠક યોજાઈ હતી જેમાં જુદા જુદા અભિપ્રાય રજુ કરવામાં આવ્યા હતા. ચૂંટણી પંચની ઓફિસમાં ચૂંટણી ખર્ચ સાથે સંબાંધિત અધિકારીએ વિગત આપતા કહ્યુ છે કે ખર્ચ મર્યાદામાં વધારો કરવા માટે ઘણી બધી રજુઆતો કરવામાં આવી હતી.

## કરોડો લોકોને જોબ અપનારી યુપીએની સ્કીમ અંતે ફલોપ

નવી દિલ્હી,તા. ૧૩

કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએ સરકારની પોતાની ત્રણ વર્ષ જુની નેશનલ મેન્યુફેકચરિંગ પોલીસ મારફતે વર્ષ ૨૦૨૨ સુધી ૧૦ કરોડ લોકોને રોજગારી પુરી પાડવા સાથ સંબંધિત યોજના હવે ફલોપ થતી દેખાઈ રહી છે.કારણ કે સરકાર આ યોજના હેઠળ ખાસ મુડીરોકાણ ઝોન બનાવવાના તેના વચનને પાળી શકી નથી. સાથે સાથે રોજગારી વધારવા માટે પ્રોત્સાહન માટે શ્રમ કાયદાઓને કોઈ રાહત પણ આપવામાં આવી નથી. કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ઉદ્યોગો, પાર્ટીના સાથીઓ અને મતદારો સાથે તાજેતરમાં તેમની ચર્ચા વેળા મેન્યુફેકચરિગને મજબુત બનાવવાની અને જુના થઈ ચુકેલા કાયદાઓમાં સુધારા કરવાની વાત કરી છે. રાહુલે કહ્યું છે કે કાયદામાં સુધાર કરીને રોજગારમાં વધારો કરી શકાય છે. કેબિનેટે વર્ષ ૨૦૧૧માં નેશનલ મેન્યુફેકચરિગ પોલીસનેં જૂરી આપી હતી. આનો મુખ્ય ઉદ્ધેશ્યઈકોનોમીમાં મેન્યુફેકચરિગની હિસ્સેદારીને ૧૫ ટકાથી વધારીને વર્ષ ૨૦૨૨ સુધી ૨૫ ટકાની સપાટી પર લઈ જવાનો હતો. આ ટાર્ગેટને હાંસલ કરવા માટે અનેક ગણતરી કરવામાં આવી હતી. જેમાં હળવા શ્રમ કાયદા અને સરળ બિઝનેસ રેગ્યુલેશનની સાથે સાથે નેશનલ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ મેન્યુફેકચરિગ ઝોનની રચના કરવાની યોજના હતી. ઉદ્યોગ સાથે જોડાયેલા એક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે ઉદ્યોગ અને શ્રમ મંત્રાલય માત્ર એનઆઈએમઝેડ માટ કાયદામાં સુધારો કરવાના પ્રસ્તાવ પર ટ્રેડ યુનિયનની સાથે સહમનતિ સાધી શક્યા નથી. આના માટે છેલ્લા બે વર્ષથી વાત થઈ રહી છે. તેમણે કહ્યું છે કે આ મોરચે ઈન્ડિયા ઈંકને વહેલી તકે કોઈ સફળતા મળે તેવી શક્યતા ઓછી છે. લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે કેટલીક પહલ કરવાની જરૂર છે.

## સનસનાટીપૂર્ણ હીટ એન્ડ રન પ્રકરણ મામલે સલમાનની સામે ૨૫ ફેબ્રુઆરી બાદ સુનાવણી

નવી દિલ્હી,તા.૧૩

મુંબઈ સેસન્સ કોર્ટે ફિલ્મ અભિનેતા સલમાન ખાનની સામે ૨૦૦૨ના હીટ એન્ડ રન મામલામાં આજે કહ્યુ હતુ કે સલમાનની સામે ૨૫મી ફેબ્રુઆરી બાદ સુનાવણી હાથ ધરવામાં આવશે. સંબાંધિત પક્ષને ૨૫મી ફેબ્રુઆરી સુધી તમામ દસ્તાવેજો અને પુરાવાની યાદી સોંપી દેવા સૂચના આપવામાં આવી છે જેથી સુનાવણી નિયમિતરીતે હાથ ધરી શકાય. કોર્ટમાં ઉપસ્થિત રહેલા સલમાન ખાનના વકીલ શ્રીકાંત સિવાડેએ કહ્યુ હતુ કે તે દસ્તાવેજોના સ્વીકાર્યના સંદર્ભમાં પોતાની દલીલ ૨૫મી ફેબ્રુઆરીન દિવસે રજુ કરશે. સેશન્સ જજ ડીડબલ્યુ દેશપાંડેએ કહ્યુ હતુકે સ્વીકાર કરવામાં આવનાર



દસ્તાવેજો પર બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ ૨૫ ફેબ્રુઆરીના દિવસે સુનાવણીનો કાર્યક્રમ નક્કી કરવામાં આવશે. સલમાન ખાન પર આક્ષેપ છે કે સપ્ટેમ્બર ૨૦૦૨ના દિવસે પોતાની ટોયોટા લેન્ડક્રુઝર ગાડીની ટક્કરથી કેટલાક લોકોને કચડી માર્યા હતા. આમાં એક વ્યક્તિનું મોત થયુ હતુ જ્યારે અન્ય ચાર લોકો ઘાયલ થયા હતા. આ બનાવ બાંદ્રામાં એક બેકરીની બહાર બન્યો હતો. જ્યાં રસ્તા પર કેટલાક લોકો ઉંઘી રહ્યા હતા ત્યારે સલમાનની ગાડીની અડફેટે આ લોકો આવી ગયા હતા. કોર્ટે ગયા વર્ષે પાંચમી ડિસેમ્બરના દિવસે કેટલાક આધાર પર નવેસરથી સુનાવણીના આદેશ જારી કર્યા હતા. આમાં એવી દલીલ કરાઈ હતી કે બિન ઈરાદા હત્યાના આરોપના સંદર્ભમાં સાક્ષીઓને ગંભીરતાથી લેવામાં આવ્યા ન હતા. બિન ઈરાદે હત્યાના આરોપ સાબિત થવાની સ્થિતિમાં ૧૦ વર્ષની જેલની સજાની જોગવાઈ રહેલી છે. સલમાન ખાનને હાલના સૌથી મોટા બોલિવુડ સ્ટાર તરીકે ગણવામાં આવે છે. તેની તમામ ફિલ્મો બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે. સૌથી મોંઘા અને સૌથી વ્યસ્ત સ્ટાર તરીકે પણ તેની ગણતરી થઈ રહી છે. આવા સમયમાં કોર્ટ કેસ તેને મુશ્કેલીમાં મુકી શકે છે.

## ચૂંટણી અંગે જાહેરનામુ હવે ટૂંકમાં જારી કરાશે

લોકસભાની ચૂંટણીના કાર્યક્રમને લઈને રાજકીય પક્ષો અને અન્ય રાજકીય પંડિતોમાં ચર્ચા વિચારણાનો દોર જારી રહ્યો છે ત્યારે એવા સંકેત મળી રહ્યા છે કે લોકસભાની ચૂંટણી માટે જાહેરનામાની તારીખ ૨૦મી ફેબ્રુઆરીના દિવસે દિલ્હીમાં તમામ સીઈઓની બેઠક યોજાયા બાદ જાહેર કરવામાં આવશે. વર્ષ ૨૦૦૯માં લોકસભાની ચૂંટણી માટે પહેલી માર્ચના દિવસે જારી કરાયુ હતુ પરંતુ ચૂંટણી પંચ તરફથી કોઈ પણ સંકેત આ વખતે મળ્યા નથી. લોકસભાની ચૂંટણી માટે જાહેરનામાને લઈને અટકળો તીવ્ર બની રહી છે. એવું જાણવા મળી રહ્યુ છે કે આગામી મહિનાના પ્રથમ સપ્તાહમાં અથવા તો આ મહિનાના અંત સુધીમાં લોકસભા ચૂંટણી માટે જાહેરનામુ જારી કરાશે. જાહેરનામુ જારી થયા બાદ તરત જ આચાર સંહિતા અમલી બની જશે.

### સંત શિરોમણી ગુરુ રવિદાસ (પાના નં. ૪ નું ચાલુ)

ગુરૂ રવિદાસ જન્મ સ્થાન મંદિર અને રવિદાસ યાદગાર ગેટ બનારસમાં આવેલ છે. તેમજ અન્ય મહાપુરૂષોમાં બ્રહ્મલીન ૧૦૮ બાબા પિલદાસજી, ૧૦૮ સંત સવરણદાસજી, ૧૦૮ સંત હરીદાસજી, ૧૦૮ સંત ગરીબદાસજી અને ૧૦૮ સંત નિરંજનદાસજી આવા સંત મહાપુરૂષોનાં પુરૂષાર્થીથી કરોડો રૂપિયાનાં ખર્ચે એપ્રિલ-૧૯૯૪ માં સુવર્ણ કળશ વગેરેની વિધિ કાશીરામજીનાં હાથે કરવામાં આવેલ, તેમજ ગુરૂ રવિદાસ મંદિર રાજઘાટ, ગુરૂ રવિદાસ ગેટ લંગાનું ઉદ્‌ઘાટન ભારતનાં રાષ્ટ્રપતિ માનનીય કે. આર. નારાયણ સાહેબ (ભૂતપૂર્વ) નાં હસ્તે ૧૬મી જુલાઇ ૧૯૯૮માં કરવામાં આવેલ. ૧૦૮ સંત સરવણદાસ યુ.કે.ના સદસ્યો તરફથી મળેલ નાણાંમાંથી તૈયાર કરવામાં આવેલ તેમજ ગુરૂ રવિદાસ પાર્ક, રવિદાસ સ્મારક, રવિદાસ ઘાટ, રવિદાસ, આઇ.એ.એસ. એસ.પી.સી.એસ. કોચીંગ સેન્ટર વગેરેનાં નિર્માણ માટે બહુજન સમાજનાં સુપ્રીમો માન. કાશીરામ અને ઉત્તર પ્રદેશનાં પૂર્વ મુખ્યમંત્રી માયાવતી એ ખૂબ જ યોગદાન આપેલ, મહામહિમ ડો. સુરજભાણ સાહેબ રાજયપાલ (ઉત્તરપ્રદેશ) ગુરૂ રવિદાસ હોસ્પિટલ અને ગુરૂ રવિદાસ લાઇબ્રેરી તેમજ ગુરૂ રવિદાસ - જન્મસ્થાન વગેરેની જાણકારી આપી હતી. ૧૦૦ પથારીવાળી હોસ્પિટલ ચલાવવામાં આવે છે ત્યારે ગરીબ લોકોની સારવાર સારી રીતે કરવામાં આવે છે. રૂા. ૭ લાખ દર મહિને ખર્ચ કરવામાં આવે છે આમ, આવા મહાન સંતોના મહિમા પંજાબ, બનારસ વગેરેમાં ખૂબ જ ધામધૂમથી ઉજવાય છે. સંતનાં સમાગમથી અનેકના જીવન ધન્ય બનીગયા છે અને બની રહેશે.

ગુજરાતનાં પાટનગર ગાંધીનગરમાં અતિ ભવ્ય સંત શિરોમણી રોહિદાસ ભગવાનનું સ્મૃતિ મંદિર અને સેવા સંકુલ આવેલ છે. દર સાત સંત રોહિદાસ ભગવાનની જન્મ જયંતિ ભક્તિ ભાવ અને ધામધૂમથી મનાવવામાં આવે છે. રાજય સરકારે ૧ કરોડ ઇ-લાઇબ્રેરી માટે મંજુર કરેલ છે અને સંસ્થાના ઉપક્રમે કોમ્પ્યુટર કલાસીસ તેજસ્વી તારલાઓનું તેમજ વિશિષ્ટ વ્યક્તિઓનું સન્માન, સમુહ લગ્ન, મેડિકલ કેમ્પ વગેરે યોજવામાં આવે છે. સાથે સાથે સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ ધાર્મિક, સામાજિક અને શૈક્ષણિક ઉત્કર્ષ માટે પ્રવૃત્તિઓ કરવાનું છે સાથે ગાંધીનગરના મુખ્ય રાજમાર્ગ પર સંતની શોભાયાત્રા અને રાત્રી દરમિયાન સંતો-મહંતો અને જાહેરજીવનનાં અગ્રણ્ય નાગરિકોની ઉપસ્થિતિમાં ધર્મસભા ભજન સંતવાણી રાખવામાં આવે છે.

- વિઠ્ઠલભાઇ જે. પરમાર

## આઈપીએલ હરાજી બીજા દિવસે પણ જારી

બેંગ્લોર,તા.૧૩

આઈપીએલ-૭ માટે ખેલાડીઓની હરાજીના બીજા દિવસે પણ અનેક સ્ટાર ખેલાડીઓને ખરીદવા માટે કોઈ ટીમ આગળ આવી ન હતી. મોટા ભાગના નાણાં અનકેપ્ડ ખેલાડીઓ પર લાગ્યા હતા. રેલવેના ઓલ રાઉન્ડર કરન શર્મા આઈપીએલના અનકેપ્ડ ખેલાડીઓની હરાજીમાં સૌથી મોંઘા ખેલાડી તરીકે ઉભર્યો હતો. સનરાઈઝ હૈદરાબાદ કરન શર્માને ૩.૭૫ કરોડ રૂપિયામાં ખરીદી લીધો હતો જ્યારે રિશી ધવન પર કિંગ્સ ઈલેવન પંજાબે ત્રણ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો હતો. ટીમ બનાવવા માટે આઠ ફ્રેન્ચાઈસીસે કુલ ૬૨૮.૧૦ કરોડ રૂપિયાનો અભૂતપૂર્વ ખર્ચ કર્યો હતો. બે દિવસ સુધી હરાજી ચાલી હતી. હરાજીમાં ૫૧૪ પૈકી ૧૫૪ ખેલાડીઓ પર બોલી બોલાઈ હતી જે પૈકી ૫૦ ખેલાડીઓ વિદેશી હતા. બીજા દિવસે બોલી લાગવાની શરૂઆત થયા બાદ કેટલાક ખેલાડીઓ માટે સફળ બોલી લાગી હતી. જસપ્રીત બુમરાહને મુંબઈ ઈન્ડિયન્સ ટીમે ૧.૨૦ કરોડ રૂપિયામાં મેળવી લીધો હતો. તેની બેઝ કિંમત ૨૦ લાખ રૂપિયા રાખવામાં આવી હતી. કિંગ્સ ઈલેવન પંજાબે અનુરીત સિંહને ૨૦ લાખ રૂપિયામાં લઈ લીધો હતો. રાહુલ શુક્લાને દિલ્હી ડેરડેવિલ્સે ખરીદી લીધો હતો.આ વખતે આઈપીએલના ઈતિહાસમાં પ્રથમ વખત બોલી રૂપિયામાં લાગી હતી. સવારે દસ વાગે બીજા દિવસ માટેની હરાજીની પ્રક્રિયા શરૂ થઈ હતી.આજે સૌથી મોટી બોલી રિશી ધવન, કેદર જાધવ, મનિષ પાન્ડે, રજત ભાટિયા પર બોલાઈ હતી. રિશી ધવનને ત્રણ કરોડમાં ખરીદવામાં આવ્યો હતો. જ્યારે કેદાર જાધવ બે કરોડમાં ખરીદાયો હતો.હરાજીમાં ટીમોએ મોટા ભાગે યુવા ખેલાડી પર પસંદગી ઉતારી હતી. કેટલીક સેલિબ્રિટીઓ પણ હાજર રહી હતી. વનડે સ્પેશિયાલિસ્ટ ખેલાડી યુવરાજસિંહ ગઈકાલે આઈપીએલ-૭ હરાજીમાં સૌથી મોંઘા ખેલાડી તરીકે ઉભરી આવ્યો હતો. યુવરાજસિંહને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે આઈપીએલની સાતમી એડિશનની હરાજી પ્રક્રિયામાં ૧૪ કરોડ રૂપિયામાં ખરીદી લીધો હતો.

### માનવ મહેરામણ

● અનુસંધાન ત્રીજાનું ચાલુ

અમદાવાદ વિસ્તારની આસપાસમાં આવેલ વિવિધ ફાર્મ હાઉસોમાં અંદાજે ૭૦૦થી પણ વધુ અશ્વનું પાલન થઈ રહ્યું છે. વિશ્વ કક્ષાએ પણ ભારતના બજારમાં ઉત્પાદિત અશ્વના વિવિધ શણગારોની માંગ સૌથી વધુ છે. આ મેળા થકી અશ્વ શણગારનો વેપાર કરતા આસપાસના વિસ્તારમાં રહેતા લોકોને નજીકમાં વેપારનું મથક મળશે.

આ મેળામાં અત્યાર સુધી વિવિધ -ંતમાંથી ૩૬૦ અશ્વો આવી ચુક્યા છે. તે ઉપરાંત એન્ડયોરન્સ રાઈડ સ્પર્ધામાં ભારતીય સેના, ભારતીય વાયુસેના, નેશનલ ડીફેન્સ એકેડેમી, ઈન્ડિયન મીલેટરી એકેડેમી, અન્ય રાજયોની પોલીસ ટુકડીઓ, નામાંકિત રાઈડિંગ સ્કુલ-કોલેજોના વિવિધ ૮૦ જેટલા અશ્વ પાલકોએ ભાગ લીધો હતો. હજુ વધુ ૧૭૫ જેટલા અશ્વપાલકો આ મેળામાં ભાગ લેનાર છે. મેળામાં ત્રણ દિવસના ટુંકા ગાળામાં ૫૨ જેટલા અશ્વનું વેચાણ થયું છે. મેળા દરમ્યાન ૧૦૦ જેટલા અશ્વોની લે-વેચ થશે. આ અશ્વમેળામાં ઘોડાની બીટૂસનું મફત વેચાણ પણ કરવામાં આવી રહ્યું છે.

પશુપાલન વિભાગ, ગુજરાત સરકાર અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અશ્વ મેળા અંતર્ગત વિવિધ સ્ટોલ, સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજન સાથે પાણીની સુવિધા, સ્વચ્છતા, આરોગ્ય સુવિધા વગેરેની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. મીની પાવાગઢ તરીકે જાણીતા અંબોડ ગામના આંગણે યોજાયેલ અશ્વ મેળાની મુલાકાત આસપાસના ગ્રામજનો સાથે દુર દુરથી લોકો આવી રહ્યા છે. આ મેળો યુવાનોમાં ખૂબ જ લોકપ્રિય બની ગયો છે.

આ મેળાના સુચારું આયોજન માટે જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપના માર્ગદર્શન હેઠળ જિલ્લાની વિવિધ ટીમો કામ કરી રહી છે.

### ચીજ-વસ્તુઓનું વિતરણ

● અનુસંધાન ત્રીજાનું ચાલુ

આગામી તા. ૧૪મી ફેબ્રુઆરી,૨૦૧૪ના રોજ અશ્વ મેળામાં ગરો લેવો કાર્યક્રમ અને અશ્વ નૃત્ય કાર્યક્રમ સાંજના ૪ થી ૬ કલાક દરમ્યાન યોજાશે. તા. ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ સવારના ૧૦ થી ૨ કલાક દરમ્યાન એસ.યુ.વી ઓફ રોડીગ અને બપોરના ૩થી ૬ કલાક દરમ્યાન ઓફસ્ટીકલ કોર્સ યોજાશે. તેમજ તા. ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ સવારે ૧૦ થી ૪ દરમ્યાન હોર્સ બ્રીડ શૉ અને પુર્ણાહુતિ સમારંભ યોજાનાર છે. આ સાથે સાથે તા. ૧૪ અને ૧૫ મી ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ દરરોજ સાંજના ૭ થી ૯ કલાક વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાનાર છે.

~~સમગ્ર અશ્વ મેળાના સુવ્યવસ્થિત આયોજન માટે જિલ્લા કલેકટર~~ શ્રી પી.સ્વરૂપના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી ટીમના અધિકારી-કર્મચારીઓ કામ કરી રહ્યાં છે. આ મેળા દરમ્યાન કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ કર્મીઓ પણ ખડેપગે ફરજ બજાવી રહયાં છે.

### અશ્વોની માંગ વધુ

● અનુસંધાન ત્રીજાનું ચાલુ

અશ્વ મેળામાં મારવાડી અને કાઠિયાવાડી અશ્વની માંગ વધુ છે. અશ્વની તમામ જાતિઓમાં મારવાડી - કાઠિયાવાડી અશ્વના કાન એકબીજાને જોડી શકાય છે. તેમજ ૧૮૦ અંશ ડિગ્રીએ વળી પણ શકે છે. મારવાડી- કાઠિયાવાડી અશ્વ સ્વભાવે ચંચળ અને સમજ શક્તિ અન્ય અશ્વ કરતા વધુ હોય છે. વિદેશી અશ્વ તેના સવારની સૂચના અનુસાર જ કામ કરે છે. જયારે મારવાડી-કાઠિયાવાડી અશ્વ સમજ શક્તિ વધુ હોવાથી અમુક આદેશ તેના સવારની સૂચના વગર કામ કરે છે. તેમજ ઉંચાઇ પણ સારી હોવાથી અશ્વ પાલકોમાં તેની માંગ વધુ રહે છે.

અશ્વને શુકનિયાળ માનવામાં આવે છે. જેથી અશ્વની ખરીદી કરતા અશ્વ ચાહકો તેની બાલભ્રમરી કયાં કયાં છે., કલર, પૂછડી, કાન, આંખ, સાઈઝ, માર્કીગ, જેવી અનેક બાબતો ખાસ જોઈને અશ્વની પરખ અને ખરીદી કરવામાં આવે છે, અશ્વ મેળાની મુલાકાતે રાજય અને રાજય બહારના અશ્વપાલકો તો આવે જ છે, પરંતુ ગાંધીનગર-અમદાવાદ આસપાસના વિસ્તારના લોકો પણ ઉમળકાથી મેળાની મુલાકાતે આવી રહયાં છે.

### સમાચાર ઝલક

- દેશની ૪૦ અગ્રણી બેંકોનો વહીવટ જોખમમાં, બેંકમાં લોન રીકવરી વિભાગ રાખવો જોઇએ.
- વેલેન્ટાઇન ડે નિમિત્તે બજારમાં કાર્ડસ, ગિફ્ટનો જંગી ખજાનો.
- ચૂંટણી ફિવર મોબાઇલ-ટેબલેટની કોંગ્રેસે લહાણી કરી, ૧૦ હજાર કરોડની યોજના અમલી બનશે.
- અમદાવાદ-સૂરતમાં લગભગ ૧૮ યુવતીઓને શિકાર બનાવનાર મહાઠગ સુનીલ પારેખ જેલનાં હવાલે.
- ખેડબ્રહ્માના પ્રોફેસર પેપર લીક કરતાં ઝડપાયા.
- આસામમાં સિગારેટ-બીડી સિવાય તમાકુનાં ઉત્પાદન પર પ્રતિબંધ.
- અમેરિકા-ઇઝરાયેલ સાથે નિર્ણાયક યુદ્ધ કરવા તૈયાર હોવાનો ઇરાનનો દાવો.
- અલ્જિરીયામાં સેનાનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત થતાં ૧૦૩ વ્યક્તિનાં મોત.
- નાસાને મંગળ પર પાણી હોવાના પુરાવા સાંપડ્યા.
- વૈષ્ણોદેવી ગુફાને ઉડાવવા આતંકીઓ નાળીયેર બોંબનો ઉપયોગ કરી શકે છે : ગુપ્તચર વિભાગ.
- લેખાનુદાન બજેટમાં સામાજિક યોજનામાં જંગી ફાળવણી કરાશે.
- ઉત્તર અમેરિકા ઉપર ભયાનક હિમ તોફાનનો ખતરો.
- દેશમાં ચેક રિટર્નના ૧.૨૫ કરોડ કેસ પડતર છે.
- જાન્યુઆરીમાં રીટેલ ફુગાવો ૨૪ માસની નીચી સપાટી ૮.૭૯ એ નોંધાયો.
- મોરબીમાં અંગત ઝઘડામાં કોમી અથડામણ, પથ્થરમારો, ગોળીબાર.
- દરેક બાળક સંપૂર્ણ રસીકરણ આગામી લક્ષ્ય : મનમોહનસિંહ.